અપીલ અરજી નં.૪૦૪ તા.૧૬–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રી
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રીની તા.૮–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મોજે અડાજણમાં આવેલ રે.સ.નં.૨૮ થી નોંધાયેલ ખેતીની જમીન જેનો નવો રે.સ.નં.૨૮/૧ થી ૨૮/૪ આપવામાં આવેલ છે જેમાં વિકાસ લક્ષી કાર્યવાહીઓ ન કરવા બાબતે અમો અરજદારે ૨૮–૧૦–૧૦ ના રોજ અરજી આપેલ હતી જેનો કોઈપણ જવાબ તમોની કચેરી ધ્વારા આપવામાં આવેલ નથી તો આપ સાહેબશ્રીને કચેરી ધ્વારા કેટલા સમયમાં અરજીનો નિકાલ કરવામાં આવે છે તેની માહિતી આપો તેમજ અમોની અરજી અંગેનો વિસ્તૃત ખુલાસો આપો. વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.
સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૬–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૪/૨૦૧૦–૧૧.

શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રીની તા.૮–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મોજે અડાજણમાં આવેલ રે.સ.નં.૨૮ થી નોંધાયેલ ખેતીની જમીન જેનો નવો રે.સ.નં.૨૮/૧ થી ૨૮/૪ આપવામાં આવેલ છે જેમાં વિકાસ લક્ષી કાર્યવાહીઓ ન કરવા બાબતે અમો અરજદારે ૨૮–૧૦–૧૦ ના રોજ અરજી આપેલ હતી જેનો કોઈપણ જવાબ તમોની કચેરી ધ્વારા આપવામાં આવેલ નથી તો આપ સાહેબશ્રીને કચેરી ધ્વારા કેટલા સમયમાં અરજીનો નિકાલ કરવામાં આવે છે તેની માહિતી આપો તેમજ અમોની અરજી અંગેનો વિસ્તૃત ખુલાસો આપો. વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ.૪૯૯૬ તા.૪–૩–૧૧ થી આપેલ માહિતી ઉડાવ જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે કચેરી કાર્યપધ્ધતિનુસાર અરજીના નિકાલની વિગતો જણાવવા અને તે સ્વયં જાહેર કરવા યોગ્ય હોઈ તે અંગે હકીકત લક્ષી વિગતો પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૬ તા.૨૧–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ વિગતે મુળ અરજીમાં નિર્દિષ્ટ તા.૨૮–૧૦–૧૦ , તા.૧૩–૧૨–૧૦ ની અરજીની નકલો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫૪૯૮ તા.૩૧–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૪ તા.૧૦–૨–૧૧ થી ટાઉન પ્લાનર શ્રી ટઉન પ્લાનીંગ અને કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડીઓ/આરટીઆઈ/આ.નં.૪૬૦ તા.૧૫–૨–૧૧ થી નગર નિયોજક શ્રી શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારની તા.૨૮–૧૦–૧૦ ના પત્રની નકલ તથા તા.૧૩–૧૨–૧૦ ના પત્રની નકલ તથા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૯૯૬ તા.૪–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં ફી ભર્યાની વિગત, તા.૨૮–૧૦–૧૦ ની અરજી તથા તા.૧૩–૧૨–૧૦ ની અરજીની નકલ, મુળ અરજીની નકલ, તથા સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૬૧૫ તા.૧૦–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૮–૨–૧૧ ની અરજીથી અરજદારે તા.૨૮–૧૦–૧૦ અને તા.૧૩–૧૨–૧૦ ની કરેલ અરજીઓની મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મ્યુ. કમિ.શ્રીને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૫ તા.૧૦–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) મોજે અડાજણમાં આવેલ રે.સ.નં.૨૮ થી નોંધાયેલ ખેતીની જમીન જેનો નવો રે.સ.નં.૨૮/૧ થી ૨૮/૪ આપવામાં આવેલ છે જેમાં વિકાસલક્ષી કાર્યવાહીઓ ન કરવા બાબતે અમો અરજદારે ૨૮–૧૦–૧૦ ના રોજ અરજી આપેલ હતી જેનો કોઈપણ જવાબ તમોની કચેરી ધ્વારા આપવામાં આવેલ નથી તો આપ સાહેબશ્રીને કચેરી ધ્વારા કેટલા સમયમાં અરજીનો નિકાલ કરવામાં આવે છે તેની માહિતી આપો તેમજ અમોની અરજી અંગેનો વિસ્તૃત ખુલાસો આપો. મુદ્દા નં. ૨ અમો અરજદારે ઉપરોકત જણાવેલ જમીન પૈકી ફાયનલ પ્લોટ નં.૯૬ વાળી જમીન અંગે રીમાન્ડ અરજી–૧ તા.૧૩–૧૨–૧૦ ના રોજ કરેલ હતી જેનો પણ જવાબ તમોની કચેરી ધ્વારા આપવામાં આવેલ નથી તો આપ સાહેબશ્રી ધ્વારા કોઈ પણ અરજીનો જવાબ કેટલા સમયમાં કઈ રીતે અને અરજદારને પૂરતો સંતોષ મળે તે રીતે આપવામાં આવે છે ક કેમ? તેની માહિતી આપો તેમજ અમો અરજદાર આપ સાહેબશ્રી સમક્ષ કઈ અપેક્ષાએ અરજી

કરેલ હોય તેનું મહત્વ કેટલું તેની માહિતી આપો તેમજ અમોની રીમાન્ડ અરજી–૧ ના બાબતે યોગ્ય ખુલાસો આપો. આમ મુદ્દા નં.૧ અને ૨ ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૯૯૬ તા.૪–૩–૧૧ થી અરજદારને પ્રત્યુત્તરમાં " સદરહુ અરજી બાબતે શહેર વિકાસ વિભાગ તરફથી કાયદાકીય અભિપ્રાય મેળવવામાં આવી રહેલ હોઈ નિર્ણય લેવાયેલ નથી તેમજ કચેરી ધ્વારા અરજીનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવે છે તેનો ખુલાસો કરી શકાય તેમ નથી" તેવું જણાવેલ છે. જે બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે તેમજ ફકત સમય પસાર કરીને અરજદારને ઉડાઉ જવાબ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે તેઓએ કરેલ તા.૨૮–૧૦–૧૦ અને તા.૧૩–૧૨–૧૦ ની અરજીઓના નિકાલ અંગેની માહિતી માંગવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં માંગેલી માહિતી અન્વયે વિવાદ બાબતની અરજી અરજદાર ધ્વારા રજૂ થયા બાદ રજૂ થયેલ પુરાવા તથા તેની સામે રજૂ થતા ખુલાસાઓ અને તે અન્વયે લીગલ અભિપ્રાય કે અન્ય અભિપ્રાય મેળવી નિર્ણય કરવામાં આવતો હોય, ચોકકસ સમય મર્યાદા નકકી કરેલી નથી. પરંતુ વાજબી સમયમાં નિકાલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. આમ અરજદારે કેટલા સમયમાં અરજીનો નિકાલ કરવામાં આવે છે તે બાબતે અરજદારની માલીકી વિવાદની અરજી બાબતે ચોકકસ સમય મર્યાદા નકકી કરેલ નથી તેવી માહિતી પૂરક વિગતોમાં જણાવેલ છે. આમ પ્રસ્તુત કિસ્સામાં વિવાદી મુદ્દો "કેટલા સમયમાં અરજીનો નિકાલ કરવામાં આવે" તે છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પ્રત્યુત્તરમાં કાયદાકીય અભિપ્રાયનો હવાલો આપી નિકાલની સમય મર્યાદાનો ખુલાસો નકકી કરી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. સામાન્ય રીતે નાગરીક અધિકાર પત્રના ભાગરૂપે તથા સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતીના ભાગરૂપે કામના નિકાલની સમય મર્યાદા મુકરર હોય પરંતુ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પણ જણાવેલ વિગતે અન્ય સત્તા કે તજજ્ઞના અભિપ્રાય પર નિર્ભર હોય તેવા કિસ્સામાં તે સમય મર્યાદા જણાવવાનું જાહેર માહિતી અધિકારીના નિયંત્રણમાં સંપૂર્ણ પણે ન પણ રહે. જાહેર માહિતી અધિકારીએ તેવી સમય મર્યાદા નકકી કરેલ નહીં હોવાનું પૂરક વિગતોમાં જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે અને તે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદા નકકી થયેલ નહીં હોવાનું જણાવી દફતરી વિગતે માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલ